બીજા વિશ્વયુદ્ધનો અંતિમ તબક્કો હતો. જાપાનના ટોકીયો શહેર પર અવાર-નવાર બોમ્બ વર્ષા થતી હતી. શહેરના પ્રાણીબાગમાં રહેલા પ્રાણીઓને મારી નાખવાનો અણગમતો નિર્ણય ન છૂટકે લેવો પડ્યો. કદાચ કોઈ બોમ્બ પ્રાણીઘર પર પડે અને જંગલી પ્રાણીઓ ભાગીને શહેરમાં ઘૂસી જાય તો !

'વફાદાર' હાથીમાં એ ત્રણ હાથીઓની વાત છે જેમને એ વખતે ટોકીયોના યૂનો પ્રાણીબાગમાં મારી નાખવામાં આવ્યા હતા. ૧૯૫૧માં લખાયેલ આ વાર્તાની જાપાનમાં સત્તરથી પણ વધારે આવૃત્તિ છપાઈ ચૂકી છે, અને તેમાંથી પ્રેરણા લઈ હજારો બાળકો અને મોટાઓએ,'યુદ્ધ ન જોઈએ. તેની પાછળ રહેલ નફરત, ક્રુરતા, વિનાશ તથા ખોટા ખર્ચા બંધ થવા જોઈએ.' તેવી ઈચ્છા વ્યકત કરી છે.

આ પુસ્તિકાનો અનુવાદ કરતી વખતે ભાઈ રુચિરની આંખોમાં અનેક વખત આંસું આવી ગયેલા અમે જોયા છે.

ચીકૂ અકિયામા નામના ટોકીયોના રેડિયો અને ટેલીવિઝનના સમાલોચકે આશા વ્યકત કરી છે કે, " એક દિવસ એવો જરૂર આવશે કે જ્યારે શાંતિના પુષ્પો ખીલી ઉઠશે અને આખી દુનિયામાં શાંતિની સુવાસ પથરાશે."

ચાલો આપણે પણ ગાઈએ -

होगी शांति चारो ओर, होगी शांति चारो ओर,
होगी शांति चारो ओर एक दिन
हो हो हो.....मन में है विश्वास, पूरा है विश्वास
हम होंगे कामयाब एक दिन.

-રાજુ દીપ્તિ

વફાદાર હાથી

યુકિયો થુચિયા

રજૂઆત : અરવિન્દ ગુપ્તા ૦ અનુવાદ : રુચિર



શિશુ મિલાપ, વડોદરા

વફાદાર હાથી : Faithful Elephent

યુકિયો થુચિયા : Yukio Tsuchiya

રજૂઆતઃ અરવિંદ ગુપ્તા

(C) સાભાર : ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ

રેખાંકન : શર્મિષ્ઠા સાન્યાલ

લેસર ગ્રાફીકસ : અક્ષર નિર્માણ, અમદાવાદ.

મુદ્રકઃ હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ.

પ્રકાશન : સપ્ટેમ્બર ૨૦૦૦

કિંમત : ૫.૦૦ રૂપિયા

પ્રકાશક
શિશુમિલાપ,
૧ શ્રી હરી એપાર્ટમેન્ટ,
એકસપ્રેસ હોટલ પાછળ,
અલકાપુરી,
વડોદરા-૩૯૦ ૦૦૭
ફોનઃ ૦૩૬૫-૩૪૨૫૩૯.

'શિશુ મિલાપ'એ 'સહજ' ટ્રસ્ટનો એક શૈક્ષણિક કાર્યક્રમ છે. વડોદરા શહેરનાં તકવંચિત બાળકોમાં કામ કરવાની સાથે સાથે સદ્‌સાહિત્ય પ્રસાર, શૈક્ષણિક રમકડાંનું વેચાણ, પ્રકાશન, અધ્યેતા કેન્દ્રી વિજ્ઞાન શિક્ષણ કાર્યક્રમ હેઠળ શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણ જેવા કામો શિશુ મિલાપ કરે છે.

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન "ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ" દ્વારા રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના સહયોગથી થયેલું.

'જન વાંચન આંદોલન' હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા લખવા પ્રત્યે રસ પેદા કરવાનો છે.

વફાદાર હાથી



યુકિયો થુચિયા

રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદઃ રુચિર

મારું માનવું છે કે દુનિયાના દરેક માનવે યુદ્ધને રોકવા અને શાંતિને સ્થાપવા પહેલ કરવી પડશે. ૧૯૫૧માં યુકિયો થુચિયાએ લખેલી આ વાર્તા મેં ૨૨ વર્ષ સુધી રેડિયો, ટેલીવિઝન કાર્યક્રમો અને ભાષણોમાં સંભળાવી છે.

આ વાર્તા સંભળાવવાની વાત કોઈને કદાચ સામાન્ય લાગે પરંતુ સતત બાવીસ વરસ સુધી આ વાર્તા મેં થાક કે કંટાળા વગર એટલા માટે સંભળાવી છે કે મને પ્રતિતિ થઈ ગઈ છે કે શાંતિના બીજનું વાવેતર કરવાનું ખૂબ મહત્ત્વનું છે.

મોટાઓ દુનિયાના બાળકોને જો એક સુંદર ભેટ આપી શકતા હોય તો તે છે : યુદ્ધ મુક્ત વિશ્વનું સ્વપ્ન.

મને આશા છે કે આ પુસ્તિકા દુનિયાના બધા દેશોમાં વંચાશે અને તે દ્વારા લોકોના મનમાં યુદ્ધનો વિરોધ જાગશે. તેમના દિલોમાં શાંતિ અને સુખાકારીની ચાહનાનું બીજ વિકસશે.

-ચીફ હકિયામા,

રેડિયો અને ટેલીવિઝન સમાલોચક, ટોકીયો ૧૯૮૮

વફાદાર હાથી



જાપાનના યૂનો પ્રાણીઘરમાં ચેરીના ઘણાં ઝાડ હતા. આ ઋતુમાં ચેરીના બધા ઝાડ મનમોહક ગુલાબી રંગના ફુલથી છવાઈ ગયા હતા. ફુલની પાંખડીઓ તડકામાં ચમકતી હતી અને પવનની લહેરખીથી આમતેમ ઊડતી હતી. આજે રજાનો દિવસ હતો અને સુંદર પ્રાણીઘરમાં દર્શકોની બહુ ભીડ હતી.

અંદર બે વિશાળકાય હાથી દર્શકોના મનોરંજન માટે ખેલ કરતા હતા. આ હાથી લાકડાના મજબૂત પાટીયા પર સંતુલન જાળવી ઊભા હતા અને તેની લાંબી સૂંઢથી પીપુડું વગાડતા હતા.



આ જગ્યાથી થોડે દૂર એક પથ્થરની કબર હતી. આ સ્મારક એ પ્રાણીઓની યાદમાં બનાવેલું હતું જે યૂનોના પ્રાણીઘરમાં મૃત્યુ પામ્યા હતા. ઘણાં દર્શકોનું ધ્યાન તેના પર જતું જ નહીં. એક દિવસ જ્યારે હું પ્રાણીઘરમાં ગયો ત્યારે ત્યાં એક માણસ પથ્થરને પોલિશ કરતો હતો. એણે મને એ ત્રણ હાથીઓની વાત કહી સંભળાવી જેને અહીં દફનાવ્યા હતા.

"આજે અમારા પ્રાણીઘરમાં ત્રણ હાથી છે. બહુ વરસ પહેલા પણ અહીં ત્રણ હાથી હતા. તેમના નામ હતા જોન, ટૌકી અને વૈનલી. તે વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જાપાન પણ આ લડાઈમાં સામેલ હતું. જાપાનમાં ક્યાંક ને ક્યાંક રોજ કોઈ બોમ્બ પડતો. કો'ક દિવસ તો જાણે કે બોમ્બનો વરસાદ જ પડતો.

જો કોઈ બોમ્બ પ્રાણીઘરમાં પડે તો ખબર નહીં શું આફત આવે ? પ્રાણીઓના પાંજરા તૂટી જાય અને બધા ખતરનાક પ્રાણીઓ ભાગીને શહેરમાં ઘૂસી જાય. તો તો પછી એકદમ આંતક જ ફેલાઈ જાય. આ આફતથી બચવા માટે સેનાએ બધા પ્રાણીઓને ઝેર ખવડાવી મારી નાખવાનો હુકમ કર્યો. ધીરે ધીરે બધા જ સિંહ, ચિત્તા, વરૂ, રીંછ અને મોટા સાપને ઝેર ખવડાવી મારી નાખવામાં આવ્યા.

છેલ્લે આ ત્રણ હાથીનો મરવાનો વારો આવ્યો. સૌથી પહેલા જોનને મારવાની કોશીશ કરાઈ. જોનને બટાકા બહુ ભાવતા હતા. એટલે પ્રાણીઘરના ચોકીદારોએ જોનને ખાવાના કેટલાક બટાકામાં ઝેર ભેળવી દીધું. જોન બહુ જ હોંશિયાર હતો. તેને સારા સારા બટાકા તો ખાઈ લીધા પણ ઝેરી બટાકાને ધીમે ધીમે જુદા કાઢી ફેંકી દીધા.

'હવે કોઈ ઉપાય નથી દેખાતો' પ્રાણીઘરના અધિકારીઓએ કહ્યું. હવે જોનના શરીરમાં સીધું ઈન્જેકશનથી જ ઝેર આપવું પડશે.



પછી જાડી ઈન્જેકશનની સોય, જેનો ઉપયોગ ઘોડાને રસી આપવામાં કરવામાં આવે છે તેમાં ઝેર ભર્યું. પરંતુ જોનની ચામડી એટલી જાડી હતી કે તેની ચામડીમાં સોય ઘૂસી જ નહીં. બધી સોય એક પછી એક તૂટી ગઈ. જ્યારે બધી સોય ખલાસ થઈ ગઈ ત્યારે અધિકારીઓએ જોનને ભૂખ્યો મારવાનું વિચાર્યું.

બિચારો જોન ભૂખથી તરફડી સત્તર દિવસ પછી મરી ગયો.

ત્યાર પછી ટૌકી અને વૈનલીનો મરવાનો વારો આવ્યો. આ બંનેએ હંમેશા લોકોને પ્રેમભરી આંખે જોયા હતા. ભીંમકાય શરીર હોવા છતાં તે બહુ શાંત અને સારા દિલના હતાં.

પ્રાણીઘરના અધિકારીઓ પણ તે હાથીઓને ખૂબ ચાહતાં હતાં. તેઓ કોઈપણ હિસાબે ટૌકી અને વૈનલીને બચાવવા માંગતા હતા. તેમણે આ બે હાથીને ટોકિયોની ઉત્તરે આવેલા સેડાઈ નામના પ્રાણીઘરમાં મોકલવાની વાત વિચારી.

પણ જો સેડાઈમાં પણ બોમ્બ પડે તો ? ત્યાંથી પણ આ જાનવર પ્રાણીઘરમાંથી ભાગીને શહેરમાં ઘૂસી ગયા તો ? એવી સ્થિતિમાં શું થશે ?

છેલ્લે અન્ય પ્રાણીઓની જેમ જ ટૌકી અને વૈનલીને પણ યૂનોના પ્રાણીઘરમાં જ મારવાનો નિર્ણય કરાયો. પ્રાણીઘરના અધિકારીઓએ ટૌકી અને વૈનલીનું ખાવા-પીવાનું બંધ કરી દીધું. જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેમ બંને હાથી ખોરાકના અભાવમાં પાતળા અને અશક્ત થતા ગયા. જ્યારે પણ પ્રાણીઘરનો કોઈ કર્મચારી તેમના પાંજરા પાસેથી પસાર થતો ત્યારે તે બંને પોતાના પાછલા પગે ઊભા થતા. જાણે કે તેઓ કશાકની ભીખ માંગતા ન હોય ! એવું લાગતું હતું કે જાણે તેઓ કહેતા કે, 'અમે શું ગુનો કર્યો છે ! કૃપા કરીને અમને કંઈક ખાવાનું તો આપો ! અમને કંઈક પીવાનું તો આપો.' ભૂખના માર્યા તેમના ચહેરા લેવાઈ ગયા હતા. તેમની સુંદર આંખો નાના દડા જેવી લાગવા માંડી હતી. તેમના શરીરના પ્રમાણમાં તેમના કાન મોટા લાગતા હતા. જંગલના આ શક્તિશાળી બાદશાહની હાલત જોવાતી નહોતી.

આ બંને હાથીના પ્રશિક્ષક અને મહાવત તેમને પોતાના બાળકો કરતાં પણ વધારે પ્રેમ કરતો હતો. તે આખો દિવસ પાંજરાની સામે ઊભો રહેતો અને પોતાના નસીબને ભાંડતો. 'કેટલા દુઃખી છો તમે મારા દોસ્તો ! તમારી આ હાલત મારાથી જોવાતી નથી.'

એક દિવસ ટૌકી અને વૈનલીએ તેમના ભારેખમ શરીરને પુરી શક્તિથી ઊંચું કર્યું અને તે તેમના મહાવતની નજીક આવ્યા. તેઓ તેમના પાછલા પગ પર ઊભા થયા અને આગલા પગ હવામાં ઉપાડ્યા અને સૂંઢને હવામાં ફેરવી. પહેલા જ્યારે તેઓ આમ કરતાં, ત્યારે મહાવત તેમને કંઈક ખાવાનું આપતો. આ વખતે પણ તેમને કંઈક ઈનામ મેળવવાની ઈચ્છા હતી.

મહાવતે જોયું તો તેનાથી રહેવાયું નહીં. તેણે ખૂબ દુઃખ સહન કર્યું હતું. તે બોલી ઉઠ્યો, ''મારા ટૌકી મારા વૈનલી'' ને તરત ગોડાઉનમાં ગયો. જ્યારે આવ્યો ત્યારે તેના એક હાથમાં ખાવાની ટોપલી અને બીજા હાથમાં પાણીની ડોલ હતી. તેણે આ ટોપલી અને ડોલ ટૌકી અને વૈનલી સામે મૂકી. તે બોલ્યો, 'જેટલું ખાવું હોય તેટલું ખાવ અને જેટલું પીવું હોય તેટલું પીઓ.' આટલું કહી તે હાથીના પાતળા પડી ગયેલા પગ પકડી રડવા લાગ્યો.

મહાવતે જે કંઈ કર્યું તેની પ્રાણીઘરના અધિકારીઓએ અવગણના કરી. કોઈએ મહાવતને એક શબ્દ પણ ન કહ્યો.

કોઈને પણ હાથીને ખાવાનું આપવાની રજા નહોતી. કોઈપણ અનુમતી વગર તેમણે પાણી પણ ન પાઈ શકે તેવો આદેશ હતો. પ્રાણીઘરના નિયામક સાહેબ પણ પોતાના હોઠ કરડતા રહ્યા અને ટેબલ સામે ઘુરકતા રહ્યા.

પ્રાણીઘરનો દરેક કર્મચારી બસ એક જ પ્રાર્થના કરતો કે : 'કાશ આ હાથી એક દિવસ વધારે જીવી જાય ! કદાચ કાલે યુદ્ધ સમાપ્ત થઈ જાય અને આ હાથીઓનો જાન બચી જાય.'

પછી એક દિવસ એવો આવ્યો કે કમજોરીના કારણે ટૌકી અને વૈનલીએ હલવાનું પણ બંધ કરી દીધું. એ બસ એકબાજુ પડખું ફરીને સૂઈ ગયા. પ્રાણીઘરના આકાશમાં તરતા સફેદ વાદળને તેઓ હવે ક્યારેય નહીં જોઈ શકે. જો કે તેમની આંખો હવે પહેલાં કરતાં પણ સાફ અને સુંદર દેખાતી હતી.

પોતાના દોસ્તોને આમ મરતાં જોઈ મહાવતનું કાળજું ફાટતું હતું. એને લાગ્યું કે આ ભયાનક દૃશ્ય તે વધુ વખત જોવાનું સહન નહીં કરી શકે. પ્રાણીઘરની દેખભાળ કરવાવાળા બધા લોકોને એવું જ લાગ્યું. બધાએ હાથીના પાંજરા પાસે જવાનું બંધ કરી દીધું.

બે અઠવાડિયા પછી ટૌકી અને વેનલી મરી ગયા. મરતી વખતે બંનેના શરીર પીંજરા સાથે ચોંટેલા હતા અને એમની સૂંઢ સળિયાની બહાર હવામાં લટકતી હતી. તેઓ કદાચ સૂંઢ ઉપર ઉછાળી હવાઈ ખેલ બતાવવા માંગતા હતા. તેઓ એ લોકોનું મનોરંજન કરવા માંગતા હતા જેમણે ક્યારેક એમને ખવડાવ્યું હતું.



'હાથી મરી ગયા! બંને મરી ગયા!' 'મહાવત ઓરડામાં બૂમો પાડતો પાડતો દોડ્યો, એ એના માથાને હાથ વચ્ચે દબાવી રડવા લાગ્યો અને ગુસ્સામાં પોતાના પગ પછાડવા લાગ્યો.

પ્રાણીઘરના બીજા લોકો દોડીને પાંજરામાં ગયા. તેઓ ટૌકી અને વૈનલીના પાતળા અને કમજોર શરીરને જોર જોરથી હલાવવા લાગ્યા જાણે કે તેઓ ટૌકી અને વૈનલીને ઊંઘમાંથી જગાડી ન રહ્યા હોય. પછી બધા રડવા લાગ્યા અને બંનેના પગ અને સૂંઢને પ્રેમથી પંપાળવા લાગ્યા.

ચમકતા નીલ આકાશમાં દુશ્મનના જંગી વિમાનો ઉડવા લાગ્યા. એકવાર ફરી ટોકીયો પર બોમ્બનો વરસાદ વરસવા લાગ્યો. હાથી પાસે બેઠેલા મહાવત અને પ્રાણીઘરના રખેવાળોએ તેમના બંને હાથ ઉંચા કરી અને પ્રાર્થના કરી, 'યુદ્ધ બંધ કરો! યુદ્ધ બંધ કરો! બધા યુદ્ધ બંધ કરો!'



પછી, હાથીઓના શરીરની તપાસ કરવામાં આવી ત્યારે તેમનાં પેટમાં કંઈ ન મળ્યું, પાણીનું એક ટીપું પણ નહીં.

જ્યારે પ્રાણીઘરના મહાવતે આ વાર્તા પૂરી કરી ત્યારે તેની આંખ ભીની હતી. ત્રણે હાથી જોન,ટૌકી અને વૈનલી હવે શાંતિથી આ સ્મારક નીચે સૂતા છે.

તે પ્રેમથી પથ્થરના સ્મારકને સાફ કરી રહ્યો હતો. ઉપરથી ચેરીના ફુલ વરસી રહ્યા હતા.

માનવજાતનું સહુથી સુંદર સપનું છે-એવી દુનિયાનું કે જ્યાં લડાઈ, મારકાપ કે યુદ્ધ ન હોય. દુઃખ એ વાતનું છે કે હજી તે સપનું સાકાર થઈ શક્યું નથી.

રાજકારણી નેતાઓ કે સૈનિક અધિકારીઓ ધારે તો શાંતિ સ્થાપી શકે. પરંતુ તેમના ભરોસે બેસી રહેવું આપણને પાલવે તેમ નથી કારણ કે હવે તો પરમાણુ યુદ્ધના પણ ભણકારા વાગી રહ્યા છે.